R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-24 • ISSUE: 19 DATE: 09-05-15• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## યુ.એસ.પેનલનો ધાર્મિક સ્વાતંત્રતા અંગેના રીપોર્ટમાં કરવામાં આવેલ ભારતની ટીકા બાબતે ભારતનો તીવ્ર વિરોધ

અમેરિકન કોગ્રેસની પેનલ દ્વારા ભારતમાં ધાર્મિક સ્વાતંત્રતા નહી હોવાના અને લઘુમતીઓ પર હિંસક હુમલા કરીને તેમનુ બળજબરીથી ધર્મપરિવર્તન કરવામાં આવતું હોવાના અહેવાલનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો.ભારતે તેની સામે તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે કહ્યું હતું કે યુએસસીઆઈઆરએફનો અહેવાલ ભારત,તેનું બંધારણ અને સમાજને લગતી અધુરી સમજને આધારે તૈયાર કરવામાં આવ્યો છે.સરકાર આવા અહેવાલને વધારે મહત્વ આપતી નથી.યુ.એસ. કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજીયસ ફ્રીડમના અહેવાલમાં આરએસએસ અને વિશ્વ હિંદુ પરિષદની આકરી ટીકા થઈ છે.

અહેવાલમાં ભાજપની ઘરવાપસી ઝુંબેશની ટીકા કરાઈ છે.૨૦૧૪ની સામાન્ય ચુંટણી પછી હિંદુ રાષ્ટ્રવાદી ગ્રુપ સંઘ અને વીએચપી દ્વારા લઘુમતિઓને ધર્મપરિવર્તન કરવા ફરજ પાડવામાં આવે છે તેમ પણ કહેવાયું છે. દિલ્હી પોલીસે ગૃહમંત્રાલયને મોકલેલ રીપોર્ટમાં જણાવ્યું હતું કે ચર્ચ પરના હુમલાની ઘટના વાસ્તવમાં સાંપ્રદાયિક હુમલાની ઘટના છે જ નહિં.આ ઘટનાઓ ચોરી,શોર્ટ સર્કીટથી આગ અને પથ્થરમારા જેવી બાબતોને લગતી છે.જો કે આ અહેવાલથી એક લાગે છે કે પોલીસ પણ કટ્ટરવાદીના પગમાં પડી ગઈ છે અને તેમને જેમ કહેવામાં આવે છે તેવો રીપોર્ટ તૈયાર કરે છે.જે ચોખ્ખુ દેખાય છે તે પોલીસને દેખાતું નથી પણ તેમના આકાઓ જે કહે છે તે પોલીસ લખે છે.ભાજપ વિચારક મનાતા અને બાજપાઈ સરકારમાં મહત્વની ભુમિકા ભજવનાર અરુણ શૌરીએ વડા પ્રધાનને લઘુમતીઓ પર થઈ રહેલ હુમલાઓ બાબતે શાબ્દિક પ્રહારો કર્યા હતા. જે બાબત અંગે ભાજપના કેટલાક વિચારકો ચિંતિત છે અને તેમને હકીકતોની ખબર છે તે ખબર દિલ્હી પોલીસ કે સરકારી પ્રવકતાને ખબર નથી અથવા તો તેમને સત્ય ઉજાગર નહી કરવા માટેની સુચનાઓ મળી હોવાની શક્યતાઓ છે.

## પાકિસ્તાન બોટ ફુંકી મારવાનો આદેશ આપનાર ડીઆઇજી લૌશાલી વિરુધ્ધ સરકાર પગલાં ભરશે

ગુજરાતના પોરબંદરથી દુર દરિયામાં એક પાકિસ્તાની બોટ આંતરવાની ઘટનામાં સરકારે જાહેર કરેલ વલણની વિરુધ્ધમાં સત્ય નિવેદન કરનારા કોસ્ટ ગાર્ડના ડીઆઈજી બી.કે.લોશાલી સામે બોર્ડ ઓફ ઈન્કવાયરી(બીઓઆઈ) અર્થાત તપાસનો રીપોર્ટ તૈયાર કરાયો છે.અન તેને સુપરત કરી દેવાયો છે.આ રીપોર્ટમાં લોશાલી સામે આકરા પગલાં ભરવાની ભલામણ છે.

કોસ્ટ ગાર્ડે લોશાલીને કારણ દર્શક નોટીસ ફટકારી છે.અને તેનો તેમણે જવાબ આપ્યો છે જે સત્તાવાળાઓને સંતોષકારક લાગ્યો નથી.તેથી તેમની સામે બોર્ડ ઓફ ઈન્કવાયરી થઈ છે. લોશાલી કહ્યું હતું કે પોરબંદરના દરિયા કિનારે પાકિસ્તાની બોટને ફુંકી મારવાનો આદેશ તેમણે જ આપ્યો હતો.

જ્યારે સરકાર તરફથી એવો ખુલાસો કરવામાં આવ્યો હતો તેનાથી વિરુધ્ધ લોશાલીનું નિવેદન હતું તેથી સરકાર ભોઠી પડી હતી પરિણામ નક્કી હતુ કે હવે તેમની સામે પગલાં લેવાશે.હવે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.સરકારી નિવેદનો ઘણી વખત સત્યથી વેગળા હોવાને કારણે સત્ય રજુ કરનારા અધિકારીઓ બલીનો બકરો બની જતા હોય છે.

## સુપ્રીમ કોર્ટના પુર્વ જજ કાત્જુએ આરએસએસને મુસ્લીમ લીગ સાથે સરખાવી

સુપ્રીમ કોર્ટના પુર્વ જજ માર્કંડેય કાત્જુએ રાષ્ટીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટી પર ઉગ્ર પ્રહારો કર્યા હતા.પોતાના બ્લોગમાં ભારતીય જનતા પાર્ટી અને આરએસએસની કાર્યશૈલી પર સવાલ ઉઠાવતાં તેમણે લખ્યું હતું કે ભાજપ પર સંઘ હાવી છે.તેમના કહેવા પ્રમાણે સંઘ એક એવી સંસ્થા છે જેનું નિર્માણ ભરતમાં બ્રીટિશ રાજયમાં થયું હતું.તેનો ઉદ્દેશ પણ મુસ્લીમ લીગની જેમ ભારતમાં અંગ્રેજોની ભાગલા પાડો અને શાસન કરોની નીતિને વધારવાનો હતો.

કાત્જુએ ટ્વીટ કરીને વિકાસની વાતોમાં વાસ્તમાં માત્ર બણગાં ફુંકવામાં આવતા હોવાનું કહ્યુ હતું. તેમણે કહ્યું હતું કે આ વાત અરુણ શૌરીના નિવેદનથી સમજી શકાય છે.જેઓ અગાઉ મુક્ત મને મોદીનું સમર્થન કરતા હતા. કાત્જુના આ નિવેદનને અરુણ શૌરીના નિવેદન સાથે જોડવામાં આવી શકે છે કે જેમાં શૌરીએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી,પાર્ટી અધ્યક્ષ અમિત શાહ અને નાણાં મંત્રી અરુણ જેટલીની ત્રીપુટી મળીને પાર્ટી ચલાવવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

કાત્જુએ કહ્યુ હતું કે હિંન્દુઓ ગાયને પવિત્ર માની પુજા કરી છે પણ મોટાભાગના લોકોને એ ફરક પડતો નથી કે તેમની ગાય પીડાદાયક રીતે મોતને ભેટે છે.

## ભારતીય જનતા પાર્ટીએ અરુણ શૌરીના નિવેદનથી નારાજગી વ્યક્ત કરી

અટલ બિહારી બાજપાઈની સરકારમાં એક વખત મહત્વનું સ્થાન ધરાવનાર મંત્રી અને પાર્ટી વિચારક તરીકે જેમની નામના હતી તેવા પત્રકાર અરુણ શૌરીએ નરેન્દ્ર મોદીની સરકાર પર ટીકા કરી હતી.તેમણે કહ્યું હતું કે મોદીનોમિક્સ દિશાવિહિન હોવાની,સામાજિક તણાવ મામલે મોદી મૌન હોવાની વેધક ટિપ્પણી કરી હતી. પરિણામે ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને નેતાઓએ તેનો ઉગ્ર પ્રતિસાદ આપ્યો હતો. શૌરી માત્ર સુખના જ સાથી છે અને તેમને પદ ન મળ્યું હોવાને કારણે તેઓ નારાજ છે તેવો મત પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

જ્યારેભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે શૌરી કંઈ પહેલી વાર ભાજપની ટીકા કરી નથી,પક્ષમાં જ્યારે બધું સારુ ચાલી રહ્યું છે ત્યારે આવા સુખના સાથી આવી જાય છે અને નિષ્ફળ જાય છે ત્યારે ફરી જાય છે.

ઉર્જા મંત્રી પિયુષ ગોયલે શૌરીની ટીકા કરતાં કહ્યું હતું કે કેટલીક વ્યક્તિને કંઈક ફરિયાદ હોય, તેમને પદ ન મળ્યું હોય, અને તેને કારણે મુદ્દો ન હોય તેવી વાતને મુદ્દો બનાવી દે તો મને લાગે છે કે તેવા લોકો જે કહી રહ્યા છે તેના વિશં કંઈ કહેવું જોઈએ નહી.સરકારે બતાવી આપ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત યોગ્ય દિશામાં પ્રગતિ કરી રહ્યુ છે. મંત્રી નિર્મલા સીતારામને કહ્યું હતું કે શૌરી એક વિદ્વાન તરીકે હંમેશા મંતવ્યો આપતા રહ્યા છે. પરંતુ આ વખતે તેમણે મોદીને અન્યાય કર્યો છે.

## મહારાષ્ટ્રમાં ગૌમાંસ પર પ્રતિબંધને માન્ય રાખતી મુંબઇની હાઇકોર્ટ

ગૌમાંસ પર પ્રતિબંધ મુકતા કાયદાની જોગવાઈઓ સામે સ્ટે આપવાનું મુંબઈ હાઈકોર્ટે નકાર્યું હતું.મુંબઈ હાઈકોર્ટ ગૌમાંસ ધરાવવા બદલ આગામી ત્રણ મહિના સુધી ધાકધમકીના કોઈ પગલાં નહીં લેવાનો મહારાષ્ટ્ર સરકારને આદેશ આપ્યો હતો.ન્યાયાધીશો વી.એમ,કાનાડે અને એમ.એસ.સોનકે વચગાળાના તબક્કે કાયદાને નહીં રોકવા માટે ન્યાયિક સંયમ ના સિધ્ધાંતને ટાંક્યો હતો.કારણકે તેની કાનુની પ્રમાણભુતતાને માની લેવાઈ છે.

## મહારાષ્ટ્રમાં ટ્રક પાછળ ‘ હોર્ન ઓકે પ્લીઝ’ લખવા અંગે પ્રતિબંધ

મહારાષ્ટ્રમાં ટ્રાન્સપોર્ટ કમિશ્નર મહેશ જગાડેએ એક હુકમ જારી કરીને સમગ્ર રાજ્યમાં ટ્રક,ટેમ્પો અને અન્ય વ્યાવસાયિક વાહનો ની પાછળ હોર્ન ઓકે પ્લીઝ લખવા અંગે પ્રતિબંધ લગાવી દીધો છે.

ટ્રાન્સપોર્ટ કમિશ્નર કાર્યાલયના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી ધ્વની પ્રદુષણ ઓછું કરવામાં મદદ મળશે. આવું લખવાથી વાહન ચલાવનારાઓને વિના કારણ હોર્ન વગાડવાનું લાયસંસ મળી જાય છે.અમને હોસ્પીટલ,સ્કુલ અને કોલેજ વગેરે જેવા શાંત વિસ્તારોમાં પણ વધુ હોર્ન વગાડવાની ફરિયાદો મળી છે. તેથી અમે આવા શબ્દો લખવા અંગે પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે.કેટલાક ટ્રાન્સપોર્ટ એસોસિયેશને આ પ્રતિબંધને આવકાર્યો છે.

જો કે નવી સરકારોએ પ્રતિબંધો ઉભા કરવાની નેમ રાખી હોય તેમ પ્રતિબંધોની જાળ લોકો માટે પાથરવામાં આવી રહી છે. લોકોના હિતમાં છે કે નહી તે જોવાની કોઈને પડી નથી પરંતુ કંઈક કર્યાની લાગણી ઉભી થાય છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

નેપાળની સરકારે ધરતીકંપમાં સહાય માટે આવેલી તમામ રેસક્યુ ટીમોને દેશમાં થી પાછા જવા માટે ફરમાન કર્યું.ભયંકર ભુકંપને બે સપ્તાહ જેટલો સમય વીતી ગયો.મત્યુઆંક દસ હજારથી વધુ હોઈ શકે છે તેવી આશંકા છે.દરરોજ કાટમાળમાંથી લાશો મળી રહી છે.ઈજાગ્રસ્તોની સંખ્યા પણ ઓછી નથી.ધરતીકંપના આફરશોક હજુ શમ્યા નથી પરિણામે નબળા પડી ગયેલા મકાનો જર્જરીત હાલતમાં આવી ગયા છે તેથી લોકો પોતાના ઘરોમાં પણ આશરો લેવા માટે પણ બીવે છે.સ્વાભાવિક રીતે મોટી દુર્દશા નજર સામે બની હોય પછી લોકો પોતાના મકાનોમાં જવા કરતાં ઉઘાડા તબુંઓમાં રહેવાનું પસંદ કરે.પરિણામે પાણી,વિજળી અને સેનીટેશનના પ્રશ્નો વિકટ બન્યા છે.તંત્ર કેટલી જગ્યાએ કામગીરી બજાવે તે તેમને સુઝતું નથી. લોકો તત્રની કામગીરીથી ખફા છે.

હવે બચાવ ટુકડીઓ જે ૩૪ દેશોમાંથી નેપાળમાં આવી હતી તે તમામને નેપાળ સરકારે પરત ફરવા આદેશ જારી કરી દીધો છે. કારણકે દરેક બચાવ ટુકડીઓ તેમની રીતે કામગીરી કરી રહી છે. પરિણામે સરકારી તંત્ર સાથે તેમને મેળ પડતો નથી અને કામગીરી વ્યવસ્થિત ધોરણે થઈ શકતી નથી. તેથી નેપાળ મીલીટરીએ સરકારને કહેવા ફરજ પાડી છે કે બચાવ ટુકડીઓને પરત કરો પછી અમો અમારી રીતે લોકોને ઉભા કરવા કામગીરી વ્યવસ્થિત બજાવીશું.અમને અમારા હાલ પર છોડી દો અમે અમારી રીતે વ્યવસ્થિત કરવા પ્રયત્ન કરીશું.

મદદ માટે આવેલા લોકો પોત પોતાની રીતે લોકોને મદદ કરે છે.લોકો પોતાની રીતે ફુડ પેકેટસ કે બીજી વસ્તુઓ લઈને જાય છે પરંતુ ત્યાં શેની જરુરીયાત છે તેની જાણકારી નહી હોવાથી લઈ ગયેલ વસ્તુઓ નકામી બની જાય છે.કવરેજમાં ગયેલી ટીમોએ પણ અતિરેક કર્યો છે.પાકિસ્તાનથી આવેલ માંસની ચીજો પર ગાયમાંસનું લેબલ ભારતીય કવરેજમાં ગયેલ ટીમો તરફથી લેબલ લગાવાયું. ત્યાં પણ કોમવાદ ઉભો કરવા પ્રયત્ન કરાયો.પાકિસ્તાને તેનો ખુલાસો કર્યો છે જે માસાંહારી ચીજવસ્તુઓના ફુડ પેકેટસ મોકલાવાયા છે તેમાં ભેંસના માંસમાંથી બનાવેલ વાનગીઓ છે.જેમ કચ્છના ભુકંપ વખતે બહારથી કોઈપણ ચીજ વસ્તુઓ આવે ત્યારે કચ્છની સરહદે તે ચીજ વસ્તુઓના પેકેટ પર કોઈ સંસ્થાના લેબલ લગાડાતા હતા.તેવી માનસિકતા કેટલાક લોકોની છે જેના પડઘા પડ્યા છે. આપણી કવરેજ ટીમો માત્ર સરકારની વાહ વાહ થાય તેવા જ કવરેજને વધુ પબ્લીસીટી આપી છે તેવા આક્ષેપો કરવામાં આવ્યા છે.ચીને પણ મદદ કરી છે પરંતુ તેણે આવો પબ્લીસીટી સ્ટંટ ચલાવ્યો નથી.

હવે ખુલાસો કરવામાં આવ્યો છે કે માત્ર ભારત તરફથી મદદ ભવિષ્યમાં લેવામાં આવશે તે પણ પુનઃવસન કામગીરી અને કાટમાળ ખસેડવાની મશીનરી માટેજ.નેપાળ ધરતીકંપને કારણે અસ્ત વ્યસ્ત થઈ ગયું છે અને તેને હવે પાછા ફરવા માટે બીજા કેટલાક વર્ષો સુધી તનતોડ મહેનત કરવી પડશે ત્યારે તેઓ વર્તમાનમાં મેળ કરી શકશે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# આશાનો દિવડો જલતો રાખજો. થોડાક હિંસક મનુષ્યો ઘણાબધા લોકો માટે પીડા અને મૃત્યુના વાવેતર કરે એવા આતંકવાદીની કેદ(અમને)મંજુર નથી. શાંતિ એ સૌ કોઇની જવાબદારી છે.(પોપ ફ્રાંસિસ)

દિવસે દિવસે મંદિરો ભવ્ય બનતાં જાય છે, પરંતુ ઉપાસના કથળતી જાય છે. મસ્જીદોની ભવ્યતા વધતી જાય છે તોય બંદગી કરમાતી જાય છે, ચર્ચ અતિ ભવ્ય જણાય, પરંતુ પ્રાર્થનાની ભીનાશ ઘટતી જાય છે. ઈસુને ખુબજ વહાલા લાગે એવા પોપ ફ્રાંસિસ વેટિકનમાં વિરાજમાન છે. તેઓ ગરીબમિત્ર છે અને નોખી માટીના પોપ છે તેઓ કહે છે :

જેની દિવાલોના પોપડા ઉખડી
ગયા હોય
જર્જરીત અને સાફ સુથરુ ન
હોય તેવું ચર્ચ
મને પસંદ છે, કારણ કે
એ કોઈ ફળીયમાં આવેલું છે.

ઈટલીમાં આવેલા એક પવિત્ર ડુંગરને તીર્થસ્થાનનો દરજ્જો પ્રાપ્ત થયો છે. બારમી સદીમાં થઈ ગયેલા સંત ફ્રાંસીસ ઓફ અસ્સિસીને દુનિયાની ખ્રિસ્તી પ્રજા ઈસુ ખ્રિસ્ત પછી સૌથી આદરણીય મહાત્મા ગણે છે. થોડાક દિવસો પહેલા આજના પોપ ફ્રાંસીસે એ પવિત્ર સ્થાનકની મુલાકાત લીધી ત્યારે શું બન્યું ? નામદાર પોપે ત્યાં સહજ ભાવે જે શબ્દો ઉદ્ગાર્યા તે સાંભળો :

શાંતિની આ નગરીમાંથી હું
પુરી શક્તિ સાથે અને
પ્રેમથી લથપથ એવી નમ્રતા
સાથે વારંવાર કહેતો રહીશ કે
આપણે સૃષ્ટિના સર્જનનો
આદર કરીએ
અને વિનાશના હાથા ના
બનીએ

પોપ ફ્રાંસિસના હૃદયમાં દુનિયાના ગરીબોની દુર્દશાની પીડા સતત જીવતી રહે છે. વેટીકનના એપોસ્ટોલિક પેલેસ એમનું નિવાસસ્થાન ગણાય. પોપ ફ્રાંસિસે એવા મહેલ જેવા નિવાસમાં રહેવાનો ઈન્કાર કર્યો અને કહ્યું : “ આચલી જગામાં તો ૩૦૦ જણા રહી શકે તેમ છે.મારે આટલી જગાની જરુર નથી “કહે છે કે બારમી સદીમાં સંત ફ્રાંસિસે ભગવાન સમક્ષ પોતાના વસ્ત્રો ઉતારીને ગરીબો સાથેની એકાત્મકતા પ્રગટ કરી હતી.એ સંતના સ્થાનકે પેલી ટેકરી પર પહોચેલા આજના ના. પોપ લોકોને સંબોધન કર્યું તેમાં કહ્યું : ‘ આપણે સૌએ આ દુન્યવી ઠઠારા ત્યજીને (દ્રવ્યવાદનાં) વસ્ત્રો ખંખેરી નાંખવા જોઇએ. ઈસુના મિજાજ સાથે દુન્યવી ઠઠારનો મેળ પડતો નથી. પૈસાની પુજા અને દુન્યવી માયાજાળ સમાજનું કેન્સર છે. જે આડંબર,ઉધ્ધતાઈ અને અભિમાન તરફ દોરી જાય છે. તમારામાંથી કેટલાક વંચિત લોકોને આ અસભ્ય દુનિયાએ ખંખેરી મુક્યા છે. તેથી રોજગાર નથી અને મદદ નથી. બાળકો ભુખે મરે તેની ચિંતા નથી. ભવ્ય ચર્ચની બહાર દુર દુર ઉભેલા ગરીબ આદમીની લગોલગ ઉભેલા ઈસુને પોપ ફ્રાંસિસ નિહાળતા રહે છે. ‘

કવિ કરસનદાસ માણેકે ઈસુ ખ્રિસ્તને ‘મેરીનંદન’ કહ્યા હતા.ઈસુએ ઉપદેશ આપવાનું શરુ કર્યં એટલે તે કાળે જામી પડેલાં સ્થાપિત હિતો સાવધ થઈ ગયાં.ઈસુની લોકપ્રિયતામાં એમને જોખમ જણાયું. પહેલા નિંદા-કુથલી ચાલી, પછી મશ્કરી થવા લાગી, પછી ગેરસમજ શરુ થઈ. પછી વિરોધ થયો અને છેવટે સજ્જડ વિરોધ થયો. વિરોધની ચરમસીમાએ ઈસુ વધસ્તંભ પર જડાયા. ઈસુ કડવાબોલા હતા. સ્પષ્ટ વ્યક્તા હતા અને ક્રાંતિવીર હતા. એમના ઘગઘગતા શબ્દોમાં ક્રાંતિનો પ્રતિધ્વનિ આજે પણ સંભળાય છે. :

હું જગતમાં શાંતિ લાવવા માટે જ નથી આવ્યો

રમખાણ મચાવવા માટે પણ આવ્યો છું.બાપ અને દીકરા વચ્ચે,સાસુ અને વહુ વચ્ચે વિરોધ મચશે, સૌથી મોટો કલહ ધરમાં જાગશે. જે મારા કરતાં માતપિતાની કિંમત વધુ સમજશે કે દીકરા-દીકરીનો મોહ વધુ રાખશે તે મને પામવાને યોગ્ય નથી મને અનુસરવું હોય તો પોતાનો ક્રોસ પોતાને ખભે મુકીને ચાલ્યા આવો.

ઈ.સ.૧૮૬૪ના જીનીવા કન્વેશનની ફલશ્રુતિરુપે આં.રા.રેડક્રોસની સ્થાપના થઈ. યુધ્ધમાં ઘવાયેલા ‘કોઈના લાડકવાયા’ની સારવારનું કરુણામય કાર્ય રેડક્રોસ તરફથી રાષ્ટ્રીયતા કે કોમના ભેદભાવ વિના આજ પર્યંત ચાલી રહ્યું છે.

ઈસુનો ક્રોસ પવિત્ર છે.પરંતુ એ પવિત્રતા રેડક્રોસના સેવાકાર્ય થકી સક્રિય બની. યાદ છે ? અંગ્રેજ નર્સ ફ્લોરેન્સ નાઈટીગેલ(૧૮૨૦-૧૯૧૦) ઈતિહાસમાં ‘લેડી વીથ ધ લેમ્પ’ તરીકે વિખ્યાત બની હતી. એણે હોસ્પીટલમાં દર્દીઓની શુશ્રુષામાં સુધારા કરીને ઈસુનું સ્મરણ પાકુ કરાવ્યું. આજે પણ કોઈ શુભવસ્ત્રાવૃતા એવી સેવાભાવી નર્સને જોવાનું મળે ત્યારે ફ્લોરેન્સ નાઈટેગલનું પાવક સ્મરણ થાય છે. ઈસુની કરુણને પ્રગટ કરનારી બીજી ઘટનાની નોંધ નાતાલના પવિત્ર દિવસોમાં લેવીજ રહી. એકવીસમી સદીનો માનવધર્મ માનવ-અધિકારોની માવજતમાં સમાયો છે.એ અધિકારોની માવજત આજે એમનેસ્ટી ઈન્ટરનેશનલ જેવી સંસ્થા કરી રહી છે.મનના ખુલ્લાપણાની દષ્ટિએ દુનિયામાં આજની ખ્રિસ્તી પ્રજા સૌથી મોખરે છે.

એક યહુદી ધર્માચાર્ય(રાબી) પોતાના સીનાગોગમાં બેઠા હતા.બરાબર એજ વખતે એક સાવ ગરીબ માણસ એમની નજીક આવ્યો અને બોલ્યો : રબ્બાઈ, તમે મને કશુંક આપી શકો ? રબ્બાઈ પાસે ગજવામાં ત્યારે એક ડોલર પણ નહોતો અન્ય કોઈ માણસ હોત તો તેણે કહી દીધુ હોત : સોરી, આજે અત્યારે મારી પાસે તને આપવા માટે કશુંયે નથી ,અને આતો જુદી માટીના રબ્બાઈ હતા.એમણે તો પેલા ગરીબ માણસની વારંવાર માફી માંગતા કહ્યુ બંધું મારા તુ મારી સાથે મારા માળ પર આવી શકે ? આવું કહેનાર ધર્માચાર્યનું હૃદય સાવ નબળું પડી ગયું હતું અને પગે સોજા આવ્યા હતા.દાદરના પગથિયાં ચડવામાં તો એમને ભારે તકલીફ થઈ. બંને જણા માળ પર આવેલા ઓરડામાં પહોચ્યા. ધર્માચાર્યે ત્યાં લટકતા પાટલુનનાં ગજવા ફંફોળ્યા. છેવટે થોડાક ડોલર હાથ લાગ્યા.એમણે એ બધા જ ડોલર પેલા ગરીબ માણસને આપી દીધા અને કહ્યું ‘આજે તો આટલા છે પણ કાલે આવજે,કદાચ મારી પાસે થોડા ડોલર હશે’ આ યહુદી ધર્માચાર્યનું નામ શ્લોમો હતું. તેઓનું અવસાન થયું ત્યારે એમની પાસે એક ડોલર પણ નહોતો. એમની દફનવિધી માટે લોકોએ ફાળો એકત્રીત કરવો પડેલો. તેઓ ગરીબમિત્ર હતા.

આશાનો દિવડો જલતો રાખજો. થોડાક હિંસક મનુષ્યો ઘણાબધા લોકો માટે પીડા અને મૃત્યુના વાવેતર કરે એવા આતંકવાદીની કેદ(અમને)મંજુર નથી. શાંતિ એ સૌ કોઈની જવાબદારી છે.(પોપ ફ્રાંસિસ)

લેખક : ગુણવંત શાહ
(સૌ. દિ.ભા)


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## નાનું ગામ, મોટી યાદ

સુરતથી કેવડીનું અંતર લગભગ ૧૦૧ કી.મી. થાય છે.માઉન્ટ આબુના નખી સરોવરમાં સમાઇ જાય તેવું ગામ એટલે સ્ટેશન કેવડી.પણ અંતરીયાળ ગામડાઓ માટે તે એક હૃદય સમાન છે.જીવન જરુરીયાતોની વસ્તુઓ કેવડીમાંથી જ મળી રહેતી તેથી સુરત સુધી લાંબુ ના થવું. મને હજુ યાદ છે, એસટી બસમાં બેસીને જતા ત્યારે બગાસા ખાઇ ખાઇને થાકી જવાય ત્યારે માંડ સુરત આવે. સયાજીરાવ ગાયકવાડ વખતની નેરોગેજ રેલગાડી કોસંબાથી ઉપડે અને કેવડીના પાદરે થઇ ઉમરપાડ પહોચતી અને થાક ઉતારીને ફરી કોસંબા તરફ છુકછુક કરતી પ્રયાણ કરતી. ઉમરપાડા તેનું છેલ્લુ સ્ટેશન અને કેવડી અને ઉમરપાડા વચ્ચેનું અંતર માત્ર ચાર કી.મી. છે પણ આ સાવ ટુંકા અંતરના મુસાફરીની મોજ દાર્જીલીંગ અને માથેરાનના રેલગાડી કરતાં વધારે લાગે છે.

આ રેલગાડી આદિવાસીઓ માટે જીવાદોરી જેવી છે. રેલગાડીમાં બેસીને લોકો પેટનો ખાડો પુરવા છેક પારકા મલક કોસંબા જતા અને બે પાંદડે થઇ પરત આ જ રેલગાડીમાં આવતા.એક વાર આ રેલગાડી રાણીકુંડ ગામ પાસે પાટા પરથી નીચે ઉતરી ગઇ હતી ત્યારે ઘણા લોકોને ઇજા થઇ હતી. આ જ ગાડીમાં તે જ દિવસે મારા માતા-પિતા ઘરે પરત ફરી રહ્યા હતા અને રસ્તે જ દુઃખદ સમાચાર મળ્યા. રેલગાડીને અકસ્માત નડ્યો છે. કેવડીથી કોસંબા ૫૮ કી.મી. થાય છે. પણ તે સમયે ટિકિટ ચાર રુપીયા હતી. સયાજીરાવ ગાયકવાડ સમયનું કેવડીનું રેલ્વે સ્ટેશન કેવું નિરાળું લાગતું હતું. પણ આજે જર્જરીત હાલતમાં જોવા મળે છે.આજે મુસાફરો માટેની ટીકીટ રેલગાડીમાં જ મળે છે.સ્ટેશનની હાલત દયનીય,ખંડેર અને ભેંકાર દીસે છે.હાલ મુસાફરો રેલ્વે સ્ટેશનને બદલે લીમડાની ઓથે બેસી ગાડીની રાહ જોતા હોય છે. તેથી લીમડો જ એક રેલ્વે સ્ટેશન બની ગયો છે.

કેવડીને કેટલાક લોકો મજાકમા કહેતા હોય છે કેવડી તો આવડી જ છે એટલે કે કેવડી તો ખુબ જ નાની છે. કેવડીનું બજાર સાવ નાનું બજાર પણ તે છતાંય ઘરની બધીજ ચીજવસ્તુઓ સંતોષકારક મળે છે. લોકો દિવાળી-હોળી ટાણે ખેતરમાં જે કાંઇ રોકડીયો પાક થાય તે બધો માલ બળદગાડીમાં ઠાંસી ઠાસીને કેવડી વેચવા લઇ આવતા. બળદગાડીમાં બેસવા નાના નાના બાળકો પડાપડી કરતા ત્યારે વડીલો તેમને મનાવવા કહેતા કે બેટા કેવડીથી ભુંસુ(ચેવડો) લાવીશ. અને ક્યારેક બાળકો માતા-પિતા સાથે કેવડીની સફરે જાય ત્યારે સૌ પ્રથમ ભુંસાનો નાસ્તો કરાવતા,ત્યારે બાળકોનું દિલ ખુશ થઇ જતું.પહેલાં જે ખેતરોમાં પાક લહેરાતો હતો તે જ ખેતરો આજે હવા ખાઇ રહ્યા છે.

કેવડી ચાર રસ્તાના આથમણા તરફ એક મહાદેવની ખુબ જુની દેરી છે. તે દેરીને અડીને એક પીપળો હજુ પણ અડીખમ ઉભો છે. ઉગમણા તરફ બાજ પક્ષીના પાંખોની જેમ ડાળીઓ ફેલાવીને બેઠો હોય તેમ એક મહકાય મહુડો હતો. પણ તે વાવાઝોડાના કારણે ધરાશાયી થઇ ગયો હતો. બજારમાંથી ખરીદી કર્યા પછી લોકો મહુડા નીચે નિરાંત વિસામો કરતાં અને ત્યારબાદ ઘર તરફ પ્રયાણ કરતાં.પણ આજે તે મહુડાની જગ્યાએ એક મોટું કોમ્પલેક્ષ ઊગી નિકળ્યું છે. તેની પડખે એક તાડ કરતાં ઊંચો આકાશને અડીને ઊભો હોય તેમ ચાડીયા જેમ આજે મોબાઇલનો ટાવર જોવા મળે છે. રેલ્વે સ્ટેશનથી સો મીટરના અંતરે એક મોટો પીપળો હતો તેના પર જાતજાતના પંખીઓનું રહેઠાણ તેથી પંખીઓની ચરકથી આખેઆખો વડલો રંગાઇ જતો હતો.તે વડલાએ પણ થોડા વરસો પહેલા જ વિદાઇ લીધી હતી.ગામડાઓમાં મધરાતે કોઇને તકલીફ થાય ત્યારે લોકો બિમાર માણસને ચાદરના સહારે કે બળદગાડામા સુવાડીને કેવડી લઇ જતા. રસ્તાઓ કાચા,પથ્થરો, ખાડા ખાબોચીયાવાળા તેથી હેમખેમ અંધારામાં અથડાતા અથડાતાં મહામુસ્કેલીથી કેવડી પહોચતા અન તે વખતે માત્ર એક જ ડોકટર કેવડીમાં હતો પણ તે ડોકટર આજે કેવડી છોડીને પોતાના વતનમાં ચાલ્યો ગયો છે.આજે તેની ખોટ બીજા ડોકટર પુરી રહ્યા છે. તેઓ માત્ર સારવાર જ નહી પણ લોકોને જીવનના પાઠ પણ ભણાવી રહ્યા છે.

પોસ્ટ ઓફિસની બિલકુલ સામે ચાની લારી હતી. ત્યાં દરેક ઋતુઓમાં ભારે ભીડ રહેતી અને ચાની લારીએ ઉભા ઉભા અખબાર ના વાંચીએ તો પણ ચાલી જતું કારણ કે તે ચાની લારીએ ચારેય દિશામાંથી લોકો આવતા તેથી દરેક જણ એક એક સમાચાર ગામડેથી લઇને જ આવતા. આજે તે જગ્યાએ લારી ગાયબ છે.ત્યાં એક સિમેન્ટ ડેપો બની ગયો છે.ભેંસ દોહવા ન દે કે પછી પાનો ના આપે ત્યારે લોકો હેદર પાસે પહોચી જતા તે ડોકટર તો નહોતો પણ એક અચ્છો દવા આપનાર વ્યક્તિ હતો. કાસમને કેમ ભુલાય ? કાસમને મે જોયો છે, જાણ્યો છે,અનુભવ્યો છે. કેવડીના આજુબાજુ ગામડાઓમાં જઇને કાસમ મરઘાં લે-વેચનો ધંધો કરતો હતો.તે અમારા ગામ પણ આવતો અને ઢળતી સાંજે તે કેવડીથી હાથમાં બેટરી અને એક નાના લાકડી લઇ, લોકોએ સાંજનુ વાળુ કર્યુ ના હોય તે પહેલાં તો તે પહોચીં જતો. જ્યારે અમારા ગામ આવતો ત્યારે ગનીયાદાદાને ઘેર થોડી ગોષ્ઠી કરતો, ઘરના હાલચાલ પુછતો અને આખા ગામમાં જેના ઘરે મરઘાં વેચવાના હોય ત્યાં ત્યાં ગનીયો જ તેને લઇને ફરતો જ્યારે કોઇકના ઘરે કાસમ પુછતો પણ ખરો : મરઘીનું બેદુ(ઇંડુ) મલહે કે, ત્યારે ગનીયો તેના સુરમાં સુર પુરતો મલહે જ કે. કાસમ સફેદ વસ્ત્ર, લાંબી દાઢી, હસમુખો ચહેરો વ્યવહારુ ,બોલકણો પણ ખરોજ, પણ હૃદયનો રાંક હતો. તે કાસમ આજી દુનીયામાં નથી પણ ગનીયો હજી જીવે છે.પ્રભાતે પાંચના ટકોરે રેલગાડી કેવડી સ્ટેશને પહોચે ત્યારે તેના હોર્નનો અવાજ પાંચ કી.મી.છેક ગામડાઓ સુધી સંભળાતો.હોર્ન સાંભળીને જ કેટલીક ગામડાની મહિલાઓ ઝબકીને જાગી જતી અને ઘરનું કામકાજ કે ઘંટીમાં અનાજ દળવા બેસી જતી.આજે રેલગાડીનો સમય બદલાઇ ગયો છે. દિવસમાં માત્ર એક જવાર આવે છે.કેવડીમાં હોળી- ધુળેટીની ઉજવણી રંગે ચંગે થતી હતી.ધુળેટીમાં ઢોલ વાજીંત્રો અને ગીતોના તાલે ગેરૈયાઓનો ભારે વટ પડતો અને આજુ બાજુના ગામડાઓમાંથી ખુબ મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડતી તેથી પગ ક્યાં મુકો તેનોય વિચાર કરવો પડે પણ આજે તેજ ધુળેટીમાં યુવાનોના હાથમાં રંગબેરંગી ગુલાલ હોવો બદલે મોબાઇલ જોવા મળે છે.

આજે હું સોરઠની ભોમમાં એકલો અટુલો ચાર દિવાલો વચ્ચે કેદ થઇ જાઉ છું ત્યારે મારી દષ્ટિ સામે કેવડીનું આબેહુબ દશ્ય તરવરે છે. પીપળો, વડલો, મહુડો,હેદર,કાસમ, સાયકલની દુકાન અને ચાની લારી ભલે આજે હયાત નથી પણ મારા હૃદયમાં સઘળું અંકિત થઇ ગયું છે. જ્યારે હું કેવડીથી પસાર થાઉ છું ત્યારે મારી સાથે આખે આખી કેવડી લોહચુંબક ની જેમ મારા હૃદયમાં ખેંચાઇ આવતી હોય તેમ લાગે છે. તેથી મારુ અંતર ભીનું થઇ જાય છે. અંતે કેવડીને માત્ર એક હાથે જ નહી પણ બે હાથે સલામ મારવાનુ મન થાય છે . જય હો કેવડી!

મથુર વસાવા
સેંટ જોસેફ સ્કુલ
(ઉના- જી. ગીર-સોમનાથ)

## ભાજપના પ્રભાવશાળી વિચારકો પૈકીના અરુણ શૌરીએ સરકાર સામે બળાપો ઠાલવ્યો

ભાજપના વિચારકોમાં પ્રભાવશાળી મનાતા અરુણ શૌરી,કે જેઓ અટલ બિહારી બાજપાઇની સરકારમાં પ્રભાવશાળી નેતા મનાતા હતા તેમણે હાલની ભાજપની સરકાર સામે આકરા પ્રહારો કર્યો હતા. તેમણે વડાપ્રધાન પર પ્રહાર કરતાં કહ્યુ હતું કે ગાંધીજીનું નામ લઇને તમે ૧૦ લાખનો સુટ ન પહેરી શકો.તેમણે કહ્યું હતું કે મોદી દેશના અર્થતંત્ર પર પકડ મેળવી શકયા નથી.અને લઘુમતીઓ સામે થઇ રહેલા પ્રહારો અંગે તેઓ હજુ પણ ચુપ છે.વડાપ્રધાન બન્યા બાદ પણ મોદી હજુ મુખ્યમંત્રીની ભુમિકામાં છે.ખાસ એવું માનવામાં આવે છે કે તેઓ એટલે કે શૌરીના વિચારો દેશના અર્થતંત્રમાટે ખુબજ મહત્વના હોય છે.

મોદી સરકારને એક વર્ષ પુરુ થયા નિમિત્તે એક ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં શૌરીએ જણાવ્યુ હતું કે ભાજપના પ્રમુખ અમિત શાહ,નાણામંત્રી અરુણ જેટલી અને મોદીની ત્રિમુર્તિ પક્ષ ચલાવી રહે લ છે.જેણે વિપક્ષને હાંસીયામાં ધકેલી દીધો છે.અને ભાજપના સભ્યોને ભયભીત કરી દીધા છે.દેશનો જીડીપીનો વૃધ્ધિ દર ૮ ટકા થાય તે માટે મોદી સરકારે પુરતુ કામ કર્યુ છે કે કેમ તેવા સવાલમાં શૌરીએ કહ્યું કે તેમાં અતિશયોક્તિ જ થઇ રહી છે.માત્ર હેડલાઇન્સ બને તે માટે મોદી સરકાર દ્વારા મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે. મોદીનોમિક્સ દિશાવિહિન હોવાનું તેમણે જણાવ્યું હતું.અર્થતંત્ર અંગે કોઇ જ સ્પષ્ટ ચિત્ર નથી.સરકાર નીતિગત નિર્ણયો લેવાને બદલે મીડીયા પર છવાઇ જવા માંગે છે. અને તેના માટે મહેનત કરે છે.

સામાજિક મોરચે મોદી સરકારની કામગીરી પર પ્રહાર કરતાં શૌરીએ કહ્યું કે ખ્રિસ્તી સંસ્થાઓ પર પ્રહાર અને ઘરવાપસી તથા લવ જિહાદ જેવી ચળવળોને કારણે લઘુમતીઓમાં ચિંતા પ્રવર્તી રહી છે.આ મુદ્દે મોદી ચુપ છે.તેમણે કહ્યું કે સાનિયા મિર્ઝા ચેમ્પિયનશીપ જીતી લે તો તમે ટ્વીટ કરો છો, કોઇને જન્મદિવસ હોય તો તમે ટ્વીટ કરો છો પણ નૈતિક સવાલો સંકળાયેલા હોય તેવા મુદ્દે તમે કંઇજ નથી કરતાં. લોકોને શંકા જાય છે કે શા માટે તેઓ ચુપ છે.

જીગ શોની પઝલમાં જેમ બધા ટુકડા વેરવિખેર હોય તેવી સ્થિતિ મોદી સરકારની છે.આ બધા ટુકડા કઇ રીતે વ્યવસ્થિત ગોઠવવા તેનું કોઇ ચિત્ર સ્પષ્ટ નથી. મોદી સરકાર પોતાની જે સિધ્ધિઓના દાવા કરી રહી છે તેને પણ શૌરીએ ફગાવી દીધા હતા. અને કહ્યું હતું કે ફુગાવાનો દર ઘટ્યો,રાજકોશીય ખાધ નિયંત્રણમાં આવી, વિદેશી સીધું રોકાણ વધ્યું.ડીઝલ અંકુશ મુક્ત થયું, કોલસાની ખાણની ફાળવણી, સ્પેક્ટ્રમની ફાળવણી વગેરે પૈકી મોટાભાગની બાબતોને સરકાર સાથે કોઇ લેવાદેવા નથી.

શૌરીએ બરાક ઓબામાની ભારત યાત્રા દરમિયાન મોદીએ પહેરેલા ૧૦ લાખ રુપીયાનાસુટ અંગે પણ વેધક ટીપણણી કરી હતી અને કહ્યું હતું કે તે સમજી ન શકાય તેવી અને મોટી ગંભીર ભુલ હતી. મને સમજાતું નથી કે તેમણે શા માટે તે સુટ સ્વીકાર્યો અને પહેર્યો. તમે ગાંધીજીનું નામ લઇને આવી વસ્તુ ન પહેરી શકો.

આ પહેલા ચેતન ભગતે પણ સરકારની કેટલીક બાબતો અને મોદી અંગે ટીપણીઓ કરી હતી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

# 'ઘર વાપસી' અને લઘુમતીઓ વિરુધ્ધ હિંસા અંગે યુ.એસમાં ટીકા

અમેરીકાની આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્રતા અંગેની પેનલે ભારત સરકારની આકરી ટીકા કરી હતી.'ઘર વાપસી' અને ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસા જેવા બાબતો અંગે પેનલે ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા.પેનલે ૨૦૧૫ માટે આપેલા રીપોર્ટમાં આ ટીકા કરવામાં આવી હતી.આ રિપાર્ટમાં જણાવાયું હતું કે ૨૦૧૪ની ચુંટણી પરિણામો પછી ભાજપ નેતાઓએ ધાર્મિક લઘુમતીઓ પર અપમાનજનક ટીપ્પણીઓ કરી છે. અને હિન્દુ રાષ્ટ્રવાદી સમુહોએ જબરજસ્તીથી ધર્માતરણ અને હુમલા જેવી કાર્યવાહીઓને અંજામ આપ્યો છે. જો કે પેનલે ફેબ્રુઆરીમાં વડાપ્રધાન મોદીના એ નિવેદનને સકારાત્મક પગલું ગણાવ્યુ છે. જેમાં તેમણે લઘુમતીઓના અધિકારોના રક્ષણની વાત કરી હતી.આ રિપોર્ટમાં જણાવાયું છે કે લઘુમતીના લોકોના અધિકારોની સુરક્ષા અંગે ભાજપ સરકાર ઉણી ઉતરી છે.

રિપોર્ટમાં જણાવાયું છે આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઓડિસા, ગુજરાત, કર્ણાટક,મધ્ય પ્રદેશ,મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં સૌથી વધુ ધાર્મિક હુમલા થવાની આશંકા છે. બિનસરકાર સંસ્થાઓ અને લઘુમતી નેતાઓએ ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં ધાર્મિક વિભાજનના આધારે થયેલા પ્રચારને તેનું કારણ ગણાવ્યું હતું.

આ ઉપરાંત ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો તથા ગૌવંશ કતલ અંગે પ્રતિબંધ જેવી ઘટનાઓનો પણ ઉલ્લેખ આ રીપોર્ટમાં કરવામા આવ્યો હતો.જો કે વડાપ્રધાને તેમજ ગૃહમંત્રીએ લઘુમતીઓના રક્ષણ માટે આપેલ નિવેદનો અને બાંહેધરીઓ મુજબ નક્કર કંઇ થયું નથી.સરકાર સાથે જોડાયેલ કટ્ટરવાદી સંગઠનોએ તેમની ગતિવિધિઓ છોડી નથી.પરિણામે લઘુમતીઓના બંધારણીય અધિકારો સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

# અમેરિકાએ ભારત પાસે એનજીઓ બાબતે સ્પષ્ટીકરણ માંગ્યુ

અમેરિકાના વિદેશ મંત્રાલયના કાર્યવાહક પ્રવક્તા મેરી હર્ફે તેમની દૈનિક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભારતે કેટલાક એનજીઓ બાબતે ટીપ્પણીઓ કરી છે તો આ બાબતે અમોએ ભારતીય અધિકારીઓ પાસેથી સમગ્ર ઘટના વિશે સ્પષ્ટીકરણ માંગ્યું છે. કેટલાક સમય પહેલાં ફોર્ડ ફાઉન્ડેશને આપેલા દાનો માટે ભારત સરકારે વાંધાઓ રજુ કર્યા હતા અને એવો આરોપ લગાવવામા આવ્યો હતો કે આ દાનોનો ઉપયોગ રાજકીય સત્તાને ઉથલાવવા માટે કરવામાં આવ્યો હતો.એક એનજીઓને અપાયેલ દાન બાબતે આ ટીપ્પણી કરાઇ હતી. જ્યારે ખુદ સરકારે પણ આજ વિદેશી ફંડર પાસેથી નાણાકીય સહાય મેળવવામા ભાગીદાર બની હતી.

ફોર્ડ ફાઉન્ડેશન નામની સંસ્થા ઉપર સરકારે આ પ્રકારની ટીપ્પણી કરી હતી.આ ઉપરાંત સરકાર દેશની અનેક એનજીઓની માન્યતા રદ કરી દીધી છે.કોઇપણ એનજીઓ સરકારની મરજી વિરુધ્ધ ચાલી શકશે નહી.

દેશભરમાંથી જેટલી એનજીઓએ મોદી સામે ચુંટણીમાં બાંયો ચઢાવી હતી તે બધાની સામે કાર્યવાહી કાયદા હેઠળ કરવામાં આવી રહી છે.




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# સરકાર બંધુક રાખવાના પરવાના સરળ બનાવશે, પરતું જાહેરમાં બતાવી શકાશે નહી,નહિતર પરવાના રદ કરાશે

ભારતમાં હથિયારના પરવાના મેળવવા સરળ નથી.પરતું ભાજપની સરકારે બંધુકના પરવાના માટે કાયદા ઉદાર બનાવવાની ઇચ્છા બતાવી છે.જો કે તેમાં કેટલીક કડક જોગવાઇઓ અને શરતો છે તેનું ધારકે પાલન કરવુ પડશે નહિતર પરવાના રદ કરવામાં આવશે.

૧૯૬૨ના આર્મ્સ એકટમાં સુધારા માટેના નિયમમાં જણાવાયુ છે કે યોગ્ય કારણ વગર કોઇની સામે હથિયાર તાકી શકાશે નહીં. જાહેરમાં હથિયારનો દેખાડો કરી શકાશે નહીં અને તેનો હોલ્સ્ટરમાં ઢાંકીને રાખવું પડશે.આ ઉપરાંત લગ્ન પ્રસંગે, મેળામાં કે જાહેર કાર્યક્રમ વખતે હવામાં ગોળીબાર કરી શકાશે નહીં.ભારતમાં આવી રીતે બેફામ ગોળીબારમાં ઘણી વખત મૃત્યુના કિસ્સા બને છે.

જે બિઝનેસમેન અથવા પ્રોફેસનલને તેમના વ્યવસાયના કારણે દેશભરમાં હથિયાર સાથે રાખવા પડે છે તેમને છુટછાટ અપાશે.આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ,સાંસદો અને ઓલ ઇન્ડીયા સર્વીસના અધિકારીઓ પણ ગમે તે રાજયમાં હથિયાર લઇ જઇ શકશે.ઇટીએ સૌથી પહેલા ૧૪ જાન્યુઆરીએ અહેવાલ આપ્યો હતો કે સરકાર પાંચ દાયકા જુના આર્મ્સ એકટમાં સુધારો કરવાની છે.જેથી ગન લાઇસંસ આપવાની પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે.તેમાં અરજી અંગે નિર્ણય લેવાનો નિશ્ચિત સમય નક્કી કરાશે અને મોટી સંખ્યામાં અરજી પત્રોનો નિકાલ થશે.ગૃહમંત્રાલયના અધિકારીએ કહ્યું કે લોકો હથિયારના પરવાનાનો જવાબદારીપુર્વક ઉપયોગ કરે તે માટે શરતો રાખવામાં આવી છે.અરજીપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોઇપણ વ્યક્તિ જાહેર સ્થળે હથિયાર લઇન જાય ત્યારે તે હોલ્સ્ટરની અંદર જ હોવા જોઇએ અને તે વ્યક્તિ સાથે હોલ્સટર બાંધેલુ હોવું જોઇએ.શસ્ત્ર બધાને દેખાય નહી તે રીતે સંપુર્ણપણે ઢંકાયેલ હોવું જોઇએ અને જાહેરમાં શસ્ત્રનો દેખાડો કરી શકાશે નહી.

અન્ય એક રસપ્રદ શરત પ્રમાણે હથિયાર લોડ કરેલું હોય કે ન હોય,વાજબી કારણ વગર તેને કોઇ સામે તાકી શકાશે નહીં.જોકે વાજબી કારણ કોને કહેવું તેની સ્પષ્ટતા અપાઇ નથી.એક અધિકારીએ કહ્યું કે અમે સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે માત્ર સ્ટેટસ સિમ્બોલ તરીકે લોકો ગમે તેની સામે હથિયાર તાકે નહિં અને બિનજરુરી ધમકી ન આપે.

આ ઉપરાંત નવા નિયમ પ્રમાણે બંધ વિસ્તાર કે જાહેર જગ્યા અથવા લગ્ન વિસ્તાર કે જાહેર જગ્યા અથવા લગ્ન સમારોહ,સરઘસ કે મેળામાં હથિયાર લઇ જઇ શકાસે નહીં તથા ફાયરીંગ કરી શકાશે નહી.

# વિદેશી ફંડ નહી લેતી ગુજરાતી સંસ્થાઓ પર પણ સરકારની તવાઈ

કેન્દ્ર સરકાર દ્વારા વિદેશમાંથી ફંડ મેળવતી એનજીઓ પર તવાઈ આવી છે.અને દેશભરની અસંખ્ય સંસ્થાઓને વિદેશી દાનની વિગતોના રિર્ટન નિયમિત જમા નહી કરવા બદલ શો કોઝ નોટિસ ફટકારી છે.તેમજ કેટલીક સંસ્થાના પરવાના રદ કરી દીધા છે.અમદાવાદની ૬૯ સહિત ગુજરાતની ૩૭૮ એનજીઓ પણ આવી નોટિસને ઝપાટે ચઢી ગઇ છે.આ સંસ્થાઓમાં કેટલીક ગાંધી વારસો ધરાવતી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.તેમને હજુ સુધી સત્તાવાર નોટીસો મળી નથી.

ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેટરી એકટની જોગવાઇ મુજબ વિદેશી ભંડોળ મેળવતી દરેક એનજીઓએ વિગતવાર રિર્ટન નિયમિત રીતે ફાઇલ કરવાના હોય છે.તાજેતરમાં કેન્દ્ર સરકારે ગ્રીન પીસ ઇન્ડીયા તથા ફોર્ડ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓને સાણસામાં લીધી છે.ત્યારબાદ દેશની અનેક એનજીઓને સરકારે ભીંસમાં લીધી છે.અમદાવાદની જે સેવાભાવી સંસ્થાઓને નોટીસ મળી છે તેમાં જ્યોતિસંઘને પણ નોટિસ મળી છે.જ્યોતિસંઘ મહિલાઓ માટે કાર્ય કરતી સંસ્થા છે અને ગુજરાતમાં તેની પ્રવૃત્તિઓથી કોઇ અજાણ હોય તેમ નથી.અને આ કેટલાય દાયકા જુની પ્રતિષ્ઠિત સંસ્થા છે.ગાધી સંસ્થાઓ પૈકીની રાજકોટના કસ્તુરબા આશ્રમ, અને કસ્તુરબા ટ્રસ્ટ, કસ્તુરબા સેવાશ્રમ, મરોલી, કેળવણી મંડળ,દાંડી વગેરેના પરવાના રદ કરવામાં આવ્યા છે.સદવિચાર, વિકાસગૃહ,કિડની ઇન્સ્ટીટ્યુટ, સીવીલ હોસ્પીટલ કંમ્પા.માં આવેલ છે.લાઇન્સ ક્લબ, સારાભાઇ ફાઉન્ડેશન અને વિશ્વ ગુજરાતી સમાજ જેવી સંસ્થાઓ જે પ્રતિષ્ઠિત છે તેમને પણ બાકાત રખાઇ નથી.

અમદાવાદની ૨૩ એનજીઓની એફસીઆરમાં નોધણી થયેલ છે. આ એનજીઓ સામાજીક, શૈક્ષણિક, આર્થિક,ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે.જેમાં સૌથી વધુ ૧૦૩ સંસ્થાઓ સામાજીક સેવાનું કાર્ય કરે છે.જ્યારે ખ્રિસ્તીઓના સામાજીક અને શૈક્ષણિક ઉત્થાન માટે કામ કરતી ૫૩ એનજીઓ છે. આ ઉપરાંત હિન્દુ તથા મુસ્લીમ ધર્મના લોકો માટે કામ કરતી સંસ્થાઓ પણ છે.

ભુતકાળમાં કેટલીક એનજીઓએ મોદી સરકારની કામગીરી સામે મેદાને પડી હતી હવે કેન્દ્રમાં તેમની સરકાર રચાવાથી તેઓએ તેમને મળતી વિદેશી સહાય બંધ કરાવી તેમની કમર તોડવાનો મનસુબો હાથ ધર્યો છે.જેટલા તેમના વિરોધીઓ છે તેમને હવે પાઠ ભણાવી તેમને ખતમ કરી દેવાશે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

***નીલા સી.ગામડીયા***

**'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨**


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.